**80 વર્ષથી વધુ ઉંમરના પેન્શનરોને માટે ઉંમરના પુરાવા તરીકે તબીબી પ્રમાણપત્ર માન્ય રાખવા અંગે**

વીમો અને લેખા ભવન', પરિપત્ર નંબર : હિતિન/ટીસી/ફા 134/2026/3505-3532,
બ્લૉક નં. 17, ડૉ. જી. મ. ભવન સંકુલ, ગાંધીનગર, તા. 14-06-2010

રાજ્ય સરકારમાં અમલી બનેલ છઠ્ઠા પગારપંચ સંદર્ભે નાણાં વિભાગના ઠરાવક્રમાંક : પીજીઆર/1009/પ/સેલ (એમ), તા. 13-4-2009 થી થયેલ જોગવાઇ મુજબ 80 વર્ષ ઉપરની ઉંમરના પેન્શનર / કુટુંબ પેન્શનરને ઉંમરનાં પ્રમાણસર મૂળ પેન્શનનાં 20% કે તેથી વધુ વધારાનું પેન્શન ચૂકવવાનું રહે છે.

આ જોગવાઇ તિજોરી કચેરી કક્ષાએ વાસ્તવિક અમલ સમયે ઉંમરના પુરાવા રજૂ કરવા પેન્શનરોને થતી મુશ્કેલીઓ દૂર કરવા રાજ્ય સરકારે ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, 2002નાં નિયમ 40(ચ) ની જોગવાઇઓમાં છૂટછાટ મૂકીને નાણાં વિભાગનાં ઠરાવક્રમાંક : પીજીઆર-1009-4-પી, તા. 27-7-2009 થી જન્મતારીખનાં આધાર માટે વધારાના 8 (આઠ) દસ્તાવેજો માન્ય રાખવા તથા તે સિવાય અન્ય કોઇ આધારભૂત પુરાવા / દસ્તાવેજ રજૂ થાય તેવા કેસો માટે જે તે વહીવટી વિભાગનો નિર્ણય આખરી ગણવા ઠરાવેલ છે.

રાજ્યની કેટલીક તિજોરી કચેરીઓમાં તબીબી પ્રમાણપત્ર રજૂ કરી વધારાનાં પેન્શન માટે ક્લેઇમ રજૂ કરવાનાં - પ્રસંગ ઉપસ્થિત થતાં આ પ્રશ્ન માટે સ્પષ્ટતા કરવાનું જરૂરી બનેલ છે.

રાજ્ય સરકારના કર્મચારીઓના કિસ્સામાં, ઉપર ફકરામાં ઉલ્લેખ કરેલ નિયમ 40(ચ) મુજબ તબીબી પ્રમાણપત્રમાં દેખાવ ઉપરથી જણાતી ઉંમરને ખરી ઉંમર ગણવાની બાબતને 80 વર્ષ ઉપરની ઉંમરનાં પેન્શનરોને વધારાનાં પેન્શન ચૂકવણાનાં હેતુ માટે પણ છૂટછાટ આપી માન્ય રાખવાની થાય.

નિયમ-40(ચ) નો મૂળ હાર્દ ઉંમર હેતુ તબીબી પ્રમાણપત્ર રજૂ કરવા સંદર્ભે છે. જે ધ્યાને લેતાં ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમ, 2002 ના નિયમ-9 (45)માં ઉલ્લેખ કરેલ તબીબી સત્તાધિકારી દ્વારા નિયમ-40(ચ) માં ઉલ્લેખ કરેલ પરિશિષ્ટ-3ના નમૂનામાં પેન્શનર / કુટુંબ-પેન્શનર દ્વારા તબીબી પ્રમાણપત્ર રજૂ થાય તો તે માન્ય ગણી નિયમોનુસાર ઉંમર આધારિત વધારાનું પેન્શન/કુટુંબપેન્શન ચૂકવવાનું રહેશે.

સહી, સત્તાધિકારી
નિયામક, હિસાબ અને તિજોરી વિભાગ